
માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ દશમ શુક્રવાર ૨૪ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૨

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦



શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC · durashine · TATA SHAKTEE · ALEVATE Performance at its peak Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in




દાંડા બજાર, વલસાડ

# પાણીનો પ્રકોપ

## દક્ષિણ ગુજરાતમાં વરસાદી કહેર, વલસાડ-નવસારી જિલ્લા સૌથી વધુ પ્રભાવિત

## વલસાડના ઉમરગામમાં 24 કલાકમાં 42 ઇંચ વરસાદ

**વલસાડના** તમામ તાલુકાઓમાં 16થી વધુ ઇંચ વરસાદઃ અનેક ગામો સંપર્કવિહોણા

**ઉમરગામમાં** જાણે સિઝનનો અડધો વરસાદ એક જ દિવસમાં વરસી ગયો

**પૂર્ણા** નદીનું જળસ્તર 29 ફૂટે પહોંચી ગયુંઃ નવસારી, ચીખલી, બીલીમોરા સહિતના નગરો પાણીમાં

**દક્ષિણ** ગુજરાતના અનેક તાલુકામાં 25 ઈંચથી વધારે વરસાદ

**નવસારી, વલસાડ, ઉમરગામ :** દક્ષિણ ગુજરાતમાં વરસાદે તેનું રોદ્ર સ્વરૂપ બતાવ્યું હતું. ઉમરગામમાં તો અકલ્પનીય રીતે 24 કલાકમાં 42 ઇંચ વરસાદ નોંધાયો હતો જેથી જનજીવન પર માઠી અસર પહોંચી હતી. ઉમરગામમાં વરસાદના કારણે બેનાં મોત થયાં હતાં. તેવી જ રીતે ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના કારણે પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓમાં નવાં નીરની આવક સતત વધી રહી છે. પૂર્ણા નદીનું જળસ્તર 29 ફૂટ સુધી પહોંચી જતા નીચાણવાળા વિસ્તારોમાં પૂરનું પાણી ફરી વળ્યું હતું.

ઉમરગામમાં વરસાદનુ રોદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું અને રેકોર્ડ બ્રેક 42 ઇંચ વરસાદથી સમગ્ર વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ નિર્માણ થઈ હતી અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા હતા અને જનજીવન ઠપ થઈ ગયુ હતું. બે લોકોનાં મોત થયા હતા. કુદરતના કહેર સામે વહીવટી તંત્ર અને લોકો પણ લાચાર બની ગયા હતા.

## સંજાણમાં બ્રિજના બે સ્પાન પાણીમાં તણાયા, દેડિયાપાડામાં ડાયવર્ઝન રૂટના ટુકડા થઈ ગયા



દેડિયાપાડા

**સંજાણ**

સતત વરસી રહેલા વરસાદના કારણે તથા મહારાષ્ટ્રના તલાસરી કુરુજ ડેમમાંથી પાણી છોડવામાં આવતા પાણીના ભારે પ્રવાહના કારણે ઉમરગામ તાલુકાના વારોલી નદી કિનારે સંજાણ ભાઠીહુમરણને જોડતો બ્રિજનો મધ્ય નો ભાગ ટી બીમ ગર્ડર સ્લેબ સ્પાન બે જેટલા ભાગો પાણીના પ્રચંડ અસાધારણ દબાણના કારણે તુટી તણાઈ ગયા હતા. તેવી જ રીતે દેડિયાપાડાના મુવી અને દેડિયાપાડાને જોડતા પુલના બે ટુકડા થઇ ગયા હતાં.

## એનાથી ખારેલનો એક્સપ્રેસ વે બંધ થયો, નેશનલ હાઈવે પણ નવસારીથી અટક્યો

**પલસાણાના** એનાથી ખારેલ તરફ જતાં નેશનલ એક્સપ્રેસ વે પર અંબિકા નદીના પાણી પહોંચી ગયા

પલસાણાઃ દક્ષિણ ગુજરાતમાં પડી રહેલા ભારેથી અતિભારે વરસાદના કારણે નદી-નાળાઓમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ હતી. પલસાણાના એનાથી ખારેલ તરફ જતાં નેશનલ એક્સપ્રેસ વે પર આવેલી અંબિકા નદીના પુલ પર પૂરનાં પાણી છેક કટોકટ આવી જતાં સુરક્ષાના કારણોસર વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવાની ફરજ પડી હતી. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ટ્રાફિક રોકી દેવાયો હતી. રસ્તો બંધ થવાના કારણે દિલ્હીથી મુંબઈ અને મુંબઈથી દિલ્હી તરફ જતાં હજારો નાનાં-મોટાં વાહનો રસ્તા પર અટવાયા હતા.

## બચાવ માટે વલસાડ અને નવસારી માટે લશ્કરની એક-એક ટુકડી મોકલવામાં આવી

**નવી** દિલ્હીથી NDRFની બે ટીમ સાથે 5 બોટ અને 25 વ્યર્તિઓની ફાયરની ટીમ પણ મોકલવામાં આવી

વલસાડ. દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિમાં જિલ્લા વહીવટી તંત્રને બચાવ રાહત અને રેસ્ક્યુ કામગીરીમાં મદદરૂપ થવા માટે 3 NDRF તથા 5 SDRFની ટીમ કાર્યરત છે. નવી દિલ્હીથી NDRFની 2 ટીમ આજે સાંજે પહોંચશે.આ ઉપરાંત આર્મીના 70 જવાનોની ટીમ અને 5 બોટ તથા 25 વ્યક્તિઓની ફાયરની ટીમ મોકલવામાં આવી રહી છે તે પણ વલસાડ પહોંચીને ભારે વરસાદની સ્થિતિમાં જિલ્લા વહીવટી તંત્રની મદદમાં રહેશે. આર્મીની એખ ટીમ નવસારીની સ્થિતિનો મોરચો સંભાળશે.

### આ નદીઓમાં ઘોડાપૂર

■ અંબિકા ■ પૂર્ણા■ ઔરંગા ■ કોલક ■ તાન ■ માન ■ પાર ■ દમણગંગા ■ મીંઢોળા ■ ઝાંખરી ■ ઓલણ ■માધુમતિ

### 24 કલાકનો વરસાદ

| | | | |
|---|---|---|---|
| ઉમરગામ | 41.68 ઈંચ | ખેરગામ | 22.09 ઈંચ |
| કપરાડા | 31.50 ઈંચ | દમણ | 21.37 ઈંચ |
| નાનાપોંઢા | 30.63 ઈંચ | પારડી | 20.43 ઈંચ |
| સેલવાસ | 28 ઈંચ | વાપી | 19.41 ઈંચ |
| ધરમપુર | 24.49 ઈંચ | વલસાડ | 16.38 ઈંચ |
| વાંસદા | 24.17 ઈંચ | ચીખલી | 15.20 ઈંચ |
| ઉમરપાડા | 24.00 ઈંચ | નેત્રંગ | 14.44 ઈંચ |

અતિ ભારે વરસાદના કારણે અનેક રસ્તાઓ બંધ હોય તથા મોબાઈલ નેટવર્ક ન હોવાના કારણે ઘણી જગ્યાએ બચાવ કામગીરીમાં તંત્ર પહોંચી શક્યું ન હોવાની બૂમ મચી હતી.

ઉમરગામ તાલુકામાં મેઘરાજાએ બુધવારથી બીજા રાઉન્ડની ધમાકેદાર એન્ટ્રી કરી હતી તેમાં પણ ખાસ કરીને બુધવારે રાત્રે અને ગુરુવારે સવારે મેઘરાજાનું રોદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું અને બુધવારે સાંજના ચાર વાગ્યાથી તે ગુરુવારે સાંજના ચાર વાગ્યા સુધીમાં પૂરા થતા 24 કલાકમાં રેકોર્ડ બ્રેક 1042 મીમી (41.68 ઈંચ) વરસાદથી સમગ્ર ઉમરગામ તાલુકામાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું નીચાણવાળા કોઝવે માર્ગો ઉપર પાણી ભરાતા વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો. ગામોમાં અનેક ઘરોમાં ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા અને ભારે નુકસાન થયું હતું. ઘણી જગ્યાએ તો આટલા વર્ષો બાદ પાણી ભરાતા રહીશું આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. ભારે પવન ફૂંકાવાના કારણે અનેક જગ્યાએ

...અનુસંધાન પાના 12 પર



## વાપીમાં યુવાન બે દિવસ થાંભલા પર રહ્યો, કોસ્ટગાર્ડના હેલિકોપ્ટરથી બચાવ

વાપી : વલસાડ જિલ્લામાં પૂરની પરિસ્થિતિને પગલે અનેક વિસ્તારો જળમગ્ન બન્યા છે ત્યારે આવા વિસ્તારોમાં ફસાયેલા લોકોને બચાવવા માટે એનડીઆરએફની બોટ પણ જઈ શકતી ન હોય તેવા સંજોગોમાં વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દમણ કોસ્ટ ગાર્ડના હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી છે. જેમના દ્વારા સૌ પ્રથમ રેસ્ક્યુ વાપીના સલવાવ ખાતે હ્યુન્ડાઈ શો રૂમની

...અનુસંધાન પાના 12 પર

# શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ સાથે સતત ચોથા દિવસે સંસદમાં ધમાલ

**નીટ** પેપર લીક વિવાદના મામલે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ પર વિપક્ષ મક્કમ

નવી દિલ્હી, તા. ૨૩(PTI): લોકસભાની કાર્યવાહી ગુરુવારે સતત ચોથા દિવસે સ્થગિત રહી હતી. NEET પેપર લીક વિવાદ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે વિપક્ષના વિરોધ પ્રદર્શનને કારણે ગૃહને વારંવાર સ્થગિત કરવાની ફરજ પડી હતી.

બે વાર મોકૂફ રહ્યા બાદ બપોરે ૨ વાગ્યે જ્યારે ગૃહની કાર્યવાહી શરૂ થઈ, ત્યારે પણ વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કરી દીધું હતું. પીઠાસીન અધિકારી દિલીપ સાઈકિયાએ વિરોધ કરી રહેલા સભ્યોને ગૃહની ગરિમા જાળવવા વિનંતી કરી હતી અને કહ્યું હતું કે કાર્યવાહીમાં વિક્ષેપ પાડવો યોગ્ય નથી. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ વિપક્ષ પર શરતો લાદવાનો અને NEET પેપર લીક મુદ્દા પર ચર્ચાથી ભાગવાનો આરોપ લગાવ્યો હતો. વિપક્ષ પ્રધાનના રાજીનામા પર અડીખમ રહ્યો હોવાથી, રિજિજૂએ લોકસભાને જણાવ્યું હતું કે ચર્ચા દરમિયાન સરકાર પણ આ મુદ્દે પોતાનો પક્ષ રજૂ કરવા માંગે છે. દિવસના પ્રથમ સ્થગન બાદ બપોરે ૧૨ વાગ્યે ગૃહ ફરી મળ્યું ત્યારે રિજિજૂએ આ ટિપ્પણી કરી હતી. NEET પેપર લીક મુદ્દે ચર્ચાની માંગને લઈને ગૃહની કાર્યવાહીમાં વારંવાર પડતા વિક્ષેપ વચ્ચે રાહુલ

...અનુસંધાન પાના 12 પર

### તા. ૨૩-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૧૯૯.૦૦ મીમી | ૧૨૭૯ મીમી |

| ઉકાઈ | સપાટી આજની | આઉટફ્લો |
|---|---|---|
| | ૩૧૪.૧૬ ફૂટ | ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૨૭.૦૦ સે. | ૨૪.૯૦ સે. | ૯૮% |

**‘X’ પર પોતાના સંદેશમાં મોદીએ કહ્યું કે વિદ્યાર્થીઓના હિતા સાથે ચેડા કરનારાઓને છોડવામાં નહીં આવે**

# પેપર લીકમાં સંડોવાયેલાઓને ઝડપી સજા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ રચાશેઃ મોદી

**CJPની** ‘સંસદ ચલો’ કૂચ પછી બીજી વખત વડાપ્રધાને યુવાનોને રિઝવવાનો પ્રયાસ કર્યો

**આ પહેલા** મંગળવારે મોદીએ એનડીએ સંસદીય પક્ષની બેઠકમાં પેપર લીકને ઘોર પાપ ગણાવ્યું હતું

**નવી દિલ્હી, 23 (PTI):** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે દેશના યુવાનોનું કલ્યાણ તેમની સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને તેમણે ભારપૂર્વક કહ્યું કે તેમના ભવિષ્યને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરનાર કોઈપણ વ્યક્તિને બક્ષવામાં આવશે નહીં.

NEET પરીક્ષામાં ગેરરીતિઓ સામે અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે ‘કોકરોચ જનતા પાર્ટી’ (CJP) ના નેતૃત્વમાં હજારો વિદ્યાર્થીઓએ યોજેલી ‘સંસદ ચલો’ માર્ચના ત્રણ દિવસ બાદ વડાપ્રધાનનો યુવાનો જોગ આ સંદેશ આવ્યો છે. આ કૂચ દરમિયાન, પોલીસે લાઠીચાર્જ કર્યો હતો અને ટીયર ગેસના શેલ છોડ્યા હતા, જેમાં ઘણા વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. આ વિરોધ માર્ચને રોકવાના પ્રયાસમાં ૧૦૦ થી વધુ પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હતા. ‘X’ પર પોતાના સંદેશમાં મોદીએ એમ પણ કહ્યું કે પેપર લીકમાં સંકળાયેલા લોકોને ઝડપી અને સખત સજા સુનિશ્ચિત કરવા માટે સરકારે ફાસ્ટ-ટ્રેક કોર્ટ બનાવવાનો નિર્ણય લીધો છે. તેમણે ‘X’ પર એક પોસ્ટમાં કહ્યું, અમારા યુવાનોના કલ્યાણ અને ભવિષ્યથી વધુ મહત્વનું બીજું કંઈ નથી! આ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. અમારા યુવાનોના ભવિષ્યને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરનારાઓને બક્ષવામાં આવશે નહીં. વડાપ્રધાને એમ પણ કહ્યું કે તેમણે પેપર લીકના મુદ્દે સંબંધિત

...અનુસંધાન પાના 12 પર

### વડા પ્રધાનનો પ્રતિભાવ અપૂરતો :સીજેપી

**નવી દિલ્હી.** કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)એ ગુરુવારે જણાવ્યું હતું કે, પેપર લીક સામે પગલાં લેવા અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરાતમાં જવાબદારીના મુદ્દાને ઉઠાવવામાં આવ્યો નથી અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની પોતાની માંગ દોહરાવી હતી. વડા પ્રધાનની એક્સ પરની પોસ્ટ પર પ્રતિક્રિયા આપતાં સીજેપીના સ્થાપક અભિજિત દીપકે પ્રધાનની એક તસવીર શેર કરી હતી જેમાં કેપ્શન હતું, “હાય, મારૂં નામ કંઈ નથી.” જ્યારે સીજેપીએ પોસ્ટ કર્યું હતું, “ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું જ જોઈએ.” સીજેપીના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રાંકાએ વડા પ્રધાનના પ્રતિભાવનું સ્વાગત કર્યું

...અનુસંધાન પાના 12 પર